**Expert Lecture**

**Date : 02/11/2026**

# TIDE TURNERS POLLUTION CHALLENGE









તા. 27/06/2026 ના રોજ સોશિયલ સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ ક્લબ દ્વારા તાલીમાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા ઉમદા હેતુથી નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (CEE) ના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી દિવ્યાંગભાઈ સાગર દ્વારા 'Tide Turners Pollution Challenge' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ United Nations Environment Programme (UNEP) દ્વારા પ્રાયોજિત છે. વ્યાખ્યાન દરમિયાન તેમણે પ્રદૂષણની સમસ્યાઓ, પર્યાવરણ સંરક્ષણનું મહત્ત્વ તથા આ પ્રોજેક્ટ અંતર્ગત યુવાનો કેવી રીતે પર્યાવરણની જાળવણીમાં સક્રિય યોગદાન આપી શકે તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે તાલીમાર્થીઓએ વિષયને લગતી ઑનલાઈન ક્વિઝમાં ભાગ લીધો હતો અને સફળતાપૂર્વક ક્વિઝ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓએ પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા હતા.

**Workshop**

**Date : 16/07/2026 to 17/07/2026**

# STEM Hands - On Training workshop














વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તારીખ: 16 -17 જુલાઈ 2026 ના રોજ બે દિવસીય STEM Hands - On Training workshop યોજાયો. જેમાં Aligned with NEP – 2020, Hands on activities Model Making, Demonstration of Useful TLM, Effective STEM Teaching Methods, Use of Low cost material in STEM education જેવા વિવિધ વિષયો પર વિક્રમ એ સારાભાઈ સેન્ટર ની ટીમ દ્વારા Demonstration તેમજ વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી જેમાં એસ.વી. અને સૂરજબા કોલેજના ગણિત-વિજ્ઞાનના અધ્યાપકો તેમજ બંને કોલેજના ગણિત-વિજ્ઞાનના સેમેસ્ટર – 1 & 3 ના કુલ 60 પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**Expert Lecture**

**Date : 27/06/2026**

# WORK ETHICS











તા. 27/06/2026 ના રોજ B.Ed. ના તાલીમાર્થીઓ માટે Soft Skill અંતર્ગત "Work Ethics" વિષય પર વિશેષ સત્રનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં Dr. Dushyant Algotar, Assistant Professor, Shri C. H. Shah Maitri Vidyapeeth Mahila College of Education, Surendranagar રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં વ્યવસાયિક જીવનમાં પ્રામાણિકતા, જવાબદારી, સમયપાલન, કાર્ય પ્રત્યેની નિષ્ઠા, ટીમવર્ક, વ્યવસાયિક નૈતિકતા અને સકારાત્મક કાર્યસંસ્કૃતિ જેવા મૂલ્યોનું મહત્વ સરળ અને વ્યવહારિક ઉદાહરણો દ્વારા સમજાવ્યું. તેમણે જણાવ્યું કે, "જ્ઞાન વ્યક્તિને સફળ બનાવે છે, પરંતુ નૈતિકતા તેને શ્રેષ્ઠ બનાવે છે." આ વિચારને કેન્દ્રમાં રાખીને તેમણે તાલીમાર્થીઓને માત્ર સારા શિક્ષક જ નહીં, પરંતુ મૂલ્યનિષ્ઠ અને જવાબદાર વ્યાવસાયિક બનવા માટે પ્રેરિત કર્યા.